Subject : વિજ્ઞાન
Standard : ધોરણ 8
Chapter : 10
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
# તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 1 Hour
Date : 22/05/2020
Marks : 50
Roll No. : ____________

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 05)

1. યૌવનારંભ છોકરા અને છોકરીઓમાં કઈ ઉંમરથી શરૂ થાય છે ?
   A. 10 કે 11 વર્ષથી. B. 14 કે 15 વર્ષથી C. 7 કે 8 વર્ષથી. D. 15 કે 17 વર્ષથી
2. તરુલાવસ્થા કઈ ઉંમર સુધી રહે છે ?
   A. 18 થી 19 વર્ષ સુધી B. 10 થી 12 વર્ષ સુધી C. 19 થી 20 વર્ષ સુધી D. 20 થી 21 વર્ષ સુધી
3. છોકરા કે છોકરીઓ કેટલા વર્ષના થાય ત્યારે તેની મહત્તમ ઊંચાઈ પ્રાપ્ત કરી લે છે?
   A. 25 વર્ષ B. 22 વર્ષ C. 18 વર્ષ D. 15 વર્ષ
4. છોકરાઓની સ્વરપેટી છોકરીઓની સ્વરપેટી કરતાં...
   A. મોટી હોય છે, B. સરખી હોય છે C. નાની હોય છે. D. એક પણ નહીં.
5. કઈ ગ્રંથિને કારણે વ્યક્તિનાં ચહેરા પરે ફોડલીઓ તથા ખીલ થાય છે ?
   A. પિટ્યૂટરી ગ્રંથિ B. થાઈરોઈડ ગ્રંથિ C. એડ્રિનલ ગ્રંથિ D. તૈલિગ્રંથિ

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** (Marks - 05)

1. તરુણાવસ્થામાં ઊંચાઈમાં વધારો થાય છે.
2. છોકરાઓમાં મોટી થયેલી સ્વરપેટી ગળાના બહારની ભાગ તરફ ઉપસી આવે છે. જેને કંઠમણિ કહે છે.
3. અંતઃસ્ત્રાવ એ રાસાયણિક પદાર્થ છે.
4. ઇસ્ટ્રોજન નર અંતઃસ્ત્રાવ છે, ટેસ્ટેસ્ટેરોન માદા અંતઃસ્ત્રાવ છે.
5. મનુષ્યનાં કોષોનાં કોષકેન્દ્રમાં 23 જોડ રંગસૂત્રો આવેલ હોય છે.

**➽ ખાલી જગ્યા પૂરો** (Marks - 05)

1. અલગ અલગ વ્યક્તિઓની ઊંચાઈમાં વૃદ્ધિનો દર પણ ...........હોય છે.
2. છોકરાઓમાં પાતળી દાઢી-મૂછનું ઉગવું એ .........ના લક્ષણ છે.
3. વૃદ્ધિ એક ........પ્રક્રિયા છે.
4. લગભગ ........... વર્ષની ઉંમર સુધી છોકરા, છોકરીઓ પોતાની મહત્તમ ઊંચાઈ પ્રાપ્ત કરી લે છે.
5. વૃદ્ધિને કારણે છોકરાઓનાં શરીરના સ્નાયુઓનો વિકાસ છોકરીઓનાં વિકાસની સરખામણીએ ..........હોય છે.

**➽ જોડકા જોડો** (Marks - 11)

1. જોડકા જોડો.

| | | |
|---|---|---|
| 1. | પિટ્યૂટરી ગ્રંથિ | (a) થાઇરોક્સિન |
| 2. | થાઇરોઇડ ગ્રંથિ | (b) ઍડ્રેનાલિન |
| 3. | એડ્રિનલ ગ્રંથિ | (c) ઇસ્યુલિન |
| 4. | સ્વાદુપિંડ | (d) મુખ્ય ગ્રંથિ |
| 5. | XX રંગસૂત્રો | (e) છોકરો |
| 6. | XY રંગસૂત્રો | (f) છોકરી |

BHAVDIP VADHER (E-LEARNING)

2. યોગ્ય જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | ટેસ્ટોસ્ટેરોન | (a) તણાવની સ્થિતિનું નિયંત્રણ |
| 2. | વૃદ્ધિ અંતઃસ્ત્રાવ | (b) નર ગૌણ જાતીય લક્ષણો |
| 3. | થાઇરોક્સિન | (c) સામાન્ય ઊંચાઈ |
| 4. | એડ્રિનાલિન | (d) દેડકામાં કાયાંતરણ |

3. યોગ્ય જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | તરુણાવસ્થાની અવધિ | (a) 18 વર્ષ |
| 2. | રજોનિવૃત્તિ | (b) 10થી 12 વર્ષની વય |
| 3. | સ્ત્રીમાં પ્રજનન અવસ્થાનો પ્રારંભ | (c) 13થી 19 વર્ષ |
| 4. | છોકરીમાં લગ્નની વય | (d) 45થી 50 વર્ષ |

4. યોગ્ય જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | છોકરી. | (a)X અથવા Y રંગસૂત્ર |
| 2. | છોકરો | (b)XX રંગસૂત્રો |
| 3. | શુક્રકોષ. | (c)X 2014 |
| 4. | અંડકોષ | (d) XY રંગસૂત્રો |

5. યોગ્ય જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | ગૉઇટર | (a) ઇસ્યુલિનની અપૂરતી માત્રા |
| 2. | ડાયાબિટીસ | (b) થાઇરોક્સિનની ઊણપ |
| 3. | એઇસ | (c) તૈલગ્રંથિઓ અતિ ક્રિયાશીલ |
| 4. | ખીલ | (d) HIVનું સંક્રમણ |

**➽ તફાવત આપો** **(Marks - 02)**

1. તફાવત આપો : નર જાતીય અંતઃસ્ત્રાવ અને માદા જાતીય અંતઃસ્ત્રાવ

**➽ વ્યાખ્યા આપો** **(Marks - 02)**

1. તરુણાવસ્થાની વ્યાખ્યા આપો.

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 20)**

1. યૌવનારંભ એટલે શું?
2. તરુણાવસ્થાની અવધિ કેટલી હોય છે ?
3. રંગસૂત્રો ક્યાં આવેલ હોય છે ?
4. મનુષ્યના કોષકેન્દ્રમાં કેટલાં રંગસૂત્રો હોય છે ?
5. ગોઇટર નામના રોગનાં લક્ષણ શું છે અને તે શેનાથી થાય છે ?
6. મધુપ્રમેહ (ડાયાબિટીસ) થવાનું કારણ શું છે?
7. થાઇરોક્સિનનાં ઉત્પાદન માટે પાણીમાં શેની હાજરી આવશ્યક છે ?
8. કીટકોમાં કાયાંતરણનું નિયંત્રણ કોના દ્વારા થાય છે ?
9. લોહતત્વ (આયર્ન) શેમાંથી મળે છે ?
10. શરીરમાં દુર્ગંધ શાથી આવે છે ?
11. છોકરાઓ અને છોકરીઓ કેટલા વર્ષની ઉંમર સુધીમાં પોતાની મહત્તમ ઊંચાઈ પ્રાપ્ત કરી લે છે?
12. મનુષ્યના પ્રજનન કોષમાં કેટલાં રંગસૂત્રો હોય છે?

BHAVDIP VADHER (E-LEARNING)

13. દરેક વ્યક્તિમાં કેટલા લિંગી રંગસૂત્રો હોય છે?
14. મધુપ્રમેહ રોગ માટે કઈ ગ્રંથિના કાર્યમાં થતો વિક્ષેપ કારણભૂત હોય છે?
15. રોટલી, ભાત, દાળ અને શાકભાજી ધરાવતું ભારતીય ભોજન કેવો આહાર છે?
16. મનુષ્યમાં વૃદ્ધિ ક્યારે શરૂ થઈ જાય છે?
17. મનુષ્યમાં તરુણાવસ્થાની ઉંમર ક્યાં સુધીની છે?
18. શું છોકરા અને છોકરી એકસરખા દરે વૃદ્ધિ કરે છે?
19. વ્યક્તિની ઊંચાઈ શાના પર આધાર રાખે છે?
20. કયું અંગ કંઠમણિ તરીકે ઓળખાય છે? .

## Best Of Luck

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : વિજ્ઞાન
Standard : ધોરણ 8
Chapter : 10

# ANSWERS

Exam Time : 1 Hour
Date : 22/05/2020
Marks : 50

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** **(Marks - 05)**

1. 10 કે 11 વર્ષથી.
2. 18 થી 19 વર્ષ સુધી
3. 18 વર્ષ
4. મોટી હોય છે,
5. તૈલિગ્રંથિ

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 05)**

1. ખરું (True)
2. ખરું (True)
3. ખરું (True)
4. ખોટું (False)
5. ખરું (True)

**➽ ખાલી જગ્યા પૂરો** **(Marks - 05)**

1. જુદો જુદો
2. તરુણાવસ્થા
3. કુદરતી
4. 18
5. વધુ

**➽ જોડકા જોડો** **(Marks - 11)**

1. (1 - d), 2- a), (3 – b), (4 - C), (5– f),(6- e).
2. (1) > (b), (2) > (c), (3) > (d), (4) > (a).
3. (1) > (c), (2) > (d), (3) > (b), (4) > (a).
4. (1) > (b), (2) > (d), (3) > (a), (4) > (c).
5. (1) > (b), (2) > (a), (3) > (d), (4) > (c).

**➽ તફાવત આપો** **(Marks - 02)**

1.

| નર જાતીય અંતઃસ્ત્રાવ. | માદા જાતીય અંતઃસ્ત્રાવ |
|---|---|
| 1. નર જાતીય અંતઃસાવ ટેસ્ટોસ્ટેરોન છે. | માદા જાતીય અંતઃસ્ત્રાવ ઇસ્ટ્રોજન છે. |
| 2. તે શુક્રપિંડમાંથી સાવ પામે છે. | તે અંડપિંડમાંથી સાવ પામે છે. |
| 3. આ અંતઃસાવ છોકરાઓમાં ગૌણ જાતીય લક્ષણો પ્રેરે છે. | આ અંતઃસ્ત્રાવ છોકરીઓમાં ગૌણ |
| 4. દાઢી-મૂછનો વિકાસ તેની અસર હેઠળ થાય છે. | સ્તનગ્રંથિનો વિકાસ તેની અસર હેઠળ થાય છે. |

**➽ વ્યાખ્યા આપો** **(Marks - 02)**

1. જીવનકાળની એ અવસ્થા જેમાં શરીરમાં પ્રજનનની પરિપક્વતાની પ્રાપ્તિ માટેનાં પરિવર્તનો થાય છે તેને તરુણાવસ્થા કહે છે.

BHAVDIP VADHER (E-LEARNING)

**SECTION - B**

➽ **નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 20)**

1. યૌવનારંભ એટલે તરુણાવસ્થા દરમિયાન મનુષ્યના છે.શરીરમાં અનેક બદલાવ આવે છે. આ બદલાવ યૌવનની શરૂઆત છે સૂચવે છે.
2. તરુગ્રાવસ્થાની અવધિ લગભગ 11 વર્ષની ઉંમરથી છે પ્રારંભ થઈને 18 અથવા 19 વર્ષની ઉંમર સુધી રહે છે.
3. રંગસૂત્રો પ્રત્યેક કોષનાં કોષકેન્દ્રમાં આવેલાં હોય છે.
4. .બધા જ મનુષ્યનાં કષનાં કોષકેન્દ્રમાં 23 જોડ રંગસૂત્રો આવેલાં હોય છે. તેમાંથી 2 રંગસૂત્ર (1 જડ) લિંગી રંગસૂત્રો હોય છે
5. ગોઇટર રોગ થયેલા દર્દીનું ગળું વધારે પડતું ફૂલેલું હોય છે અને આ રોગ થાઈરૉઇડ ગ્રંથિનો રોગ છે. થાઈરોઈડ ગ્રંથિ થાઇરૉક્સિન અંતઃસ્ત્રાવ ઉત્પન્ન ન કરતી હોય તો આ રોગ થાય છે.
6. સ્વાદુપિંડ ઇસ્યુલિન અંત:સાવે પર્યાપ્ત માત્રામાં ઉત્પન્ન ન કરતું હોય તો મધુપ્રમેહ (ડાયાબિટીસ) થાય છે.
7. થાઇરોક્સિનનાં ઉત્પાદન માટે પાણીમાં આયોડિનની હાજરી આવશ્યક છે.
8. કીટકોમાં કાપાંતરણનું નિયંત્રણે કીટ અંતઃસ્રાવો દ્વારા થાય છે.
9. લીલા પાંદડાંવાળાં શાકભાજી, ગોળ ,માંસ, સંતરા આમળા વગેરેમાંથી લોહતત્ત્વ વધારે મળે છે.
10. પ્રસ્વેદ ગ્રંથિઓની વધુ પડતી સક્રિયતાથી શરીરમાં દુર્ગંધ ઉત્પન્ન થાય છે.
11. 18 વર્ષ
12. 23
13. 2
14. સ્વાદુપિડ
15. સંતુલિત આહાર
16. મનુષ્યમાં જન્મ સમયથી જ વૃદ્ધિ શરૂ થઈ જાય છે.
17. મનુષ્યમાં તરુણાવસ્થાની ઉંમર 11થી 18 કે 19 વર્ષ સુધીની છે.
18. ના, છોકરા કરતાં છોકરીનો વૃદ્ધિ દર ઝડપી હોય છે.
19. વ્યક્તિની ઊંચાઈ માતાપિતા દ્વારા પ્રાપ્ત જનીન પર આધાર રાખે છે.
20. છોકરામાં સ્વરપેટી કંઠમણિ તરીકે ઓળખાય છે

BHAVDIP VADHER (E-LEARNING)